# ધોરણ-11
## વિષય : અર્થશાસ્ત્ર

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પતિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 1. અર્થશાસ્ત્ર વિષય પ્રવેશ | EC001 (મુદ્દા નં. 1.5) | ● અર્થશાસ્ત્રનું સ્વરૂપ કાર્યક્ષેત્ર અને પદ્ધતિ પા.પુ. નથી. તેથી મૂલ્યાંકનના પ્રશ્નોમાં ન લેવા.<br>અર્થશાસ્ત્ર વિષયનું મહત્ત્વ (મુદ્દા નં. ૧.૧૦ અધ્યયન નિષ્પત્તિમાં ન હોવાથી ઉમેરવું.) |
| | EC002 | ● અધ્યયન નિષ્પતિ સંબંધિત બાબતો ધોરણ 11 અને 12ના અભ્યાસક્રમમાં નથી. |
| | EC003 | ● અધ્યયન નિષ્પતિ સંબંધિત બાબતો ધોરણ 11 અને 12ના અભ્યાસક્રમમાં નથી. |
| 5. આવક અને ખર્ચના ખ્યાલો | EC004 (મુદ્દા નં. 5.1.2) | – |
| ધો. 11 પ્રકરણ : 7, 8, 9, 10 2, 7, 8, 9, 10, 11 | EC005 ધો. 11 - પ્રકરણ (7 સમગ્ર)<br>ધો. 12 - 2, 7, 8, 9, 10, 11 | ● ધો. 11 અને ધો. 12ના વિવિધ પ્રકરણોમાં આ અધ્યયન ધો. 12 પ્રકરણ : નિષ્પતિ આવી જાય છે. |
| 7. ભારતીય અર્થતંત્ર | EC006 (મુદ્દા નં. 7.3) | – |
| | EC011 | ● ધો. 11 અને ધો. 12ના અભ્યાસક્રમમાં આ નિષ્પત્તિ નથી. |
| 3. માંગ<br>4. પુરવઠો | EC012, (પ્ર. 3 - 3.7, 3.8)<br>(પ્ર. 4 - 4.4) | ● સરેરાશ અને સમાંત વપરાશ-વૃત્તિ તેમજ બચતવૃત્તિ ધો. 11-12માં નથી. |
| 4. પુરવઠો | EC013 (મુદ્દા નં. 4.10) | – |
| 3. માંગ<br>4. પુરવઠો | EC015, (પ્રકરણ 3 મુદ્દા નં. 3.4)<br>(પ્રકરણ 4 મુદ્દા નં. 4.6.2)<br>EC016 | –<br>–<br>● ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના અભ્યાસક્રમમાં આ નિષ્પત્તિ નથી. |

# ધોરણ-11
## વિષય : અર્થશાસ્ત્ર

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પતિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| 3. માંગ<br>4. પુરવઠો | EC017, (પ્ર. 3માં 3.7, 3.7)<br>(પ્ર. 4માં - 4.8) | – |
| 3. માંગ | EC018, (મુદ્દો 3.9 થી 3.14) | – |
| | EC019<br><br>EC020 | ● ધો. 11 અને ધો. 12 પાઠ્યપુસ્તકમાં નથી.<br>● ધો. 11 અને ધો. 12 પાઠ્યપુસ્તકમાં નથી. |
| | EC021 | ● ધો. 11 અને ધો. 12 પાઠ્યપુસ્તકમાં નથી. |
| | EC022, EC023, EC024 | ● ધો. 11 અને ધો. 12 પાઠ્યપુસ્તકમાં નથી. |
| પ્રકરણ-5 આવક અને ખર્ચના ખ્યાલો | EC028 (મુદ્દા નં. 5.6) | – |
| પ્રકરણ-5 આવક અને ખર્ચના ખ્યાલો | EC029, EC030 (મુદ્દા નં. 5.3) | – |
| | EC031 | ● ધો. 11 અને ધો. 12 પાઠ્યપુસ્તકમાં નથી. |
| પ્રકરણ-6 બજાર | EC032, EC033, EC034 | – |
| | EC035 | ● ધો. 11 અને ધો. 12 પાઠ્યપુસ્તકમાં નથી. |
| પ્રકરણ-10 અંદાજપત્ર | EC036, EC037, EC038 | – |
| પ્રકરણ-9 રાષ્ટ્રીય આવક | EC040, EC041, EC042, EC043 | – |
| પ્રકરણ-7 ભારતીય અર્થતંત્ર | EC047 (મુદ્દા નં. 7.4.4) | – |
| પ્રકરણ-8 આર્થિક સુધારાઓ | EC051 (મુદ્દા નં. 8.2 થી 8.7) | |
| | EC053, EC054, Ec055 | ● ધો. 11-12 અભ્યાસક્રમમાં નથી. |

# ધોરણ-12
## વિષય : અર્થશાસ્ત્ર

| એકમ/પ્રકરણ | અધ્યયન નિષ્પતિ | પાઠ્યપુસ્તકના સ્વાધ્યાયમાં ઉમેરવાની બાબતો |
|---|---|---|
| પ્રકરણ-5 અને<br>પ્રકરણ-6 | EC007 પ્રકરણ-5 મુદ્દો 5.5.7<br>પ્રકરણ-6 મુદ્દો 6.5 | – |
| પ્રકરણ-5 ગરીબી | EC008 | • ગરીબીના વિવિધ લક્ષણોની નિષ્પતિ નથી.<br>• ગરીબીના નિર્દેશકો અભ્યાસ-ક્રમમાં છે. |
| પ્રકરણ-9 વિદેશ વેપાર | EC009 મુદ્દો : 9.7.3 | – |
| પ્રકરણ-9 વિદેશ વેપાર | EC010 મુદ્દો 9.7.3 | – |
| પ્રકરણ-2 વૃદ્ધિ અને વિકાસના નિર્દેશકો<br>પ્રકરણ-9 વિદેશ વેપાર | EC014 પ્રકરણ : 2 મુદ્દો 2.1<br>પ્રકરણ : 9 મુદ્દો 9.8 | –<br>– |
| પ્રકરણ-3 નાણું અને ફુગાવો<br>પ્રકરણ-4 બેન્કિંગ અને નાણાકીય નીતિ | EC025 પ્રકરણ-3 મુદ્દો 3.3<br>પ્રકરણ-4 મુદ્દો 4.2.2.1 | • પ્રકરણ-3ના સ્વાધ્યાયમાં પ્રશ્નક્રમાંક 3માં નાણાંના પ્રકારો જણાવો. ઉમેરવું. |
| પ્રકરણ-3 નાણું અને ફુગાવો | EC026 પ્રકરણ-3 મુદ્દો 3.3<br>પ્રકરણ-4 મુદ્દો 4.2.2.1 | – |
| પ્રકરણ-4 બેન્કિંગ અને નાણાકીય નીતિ | EC027 (મુદ્દો 4.2.2.2) | – |
| પ્રકરણ-4 બેન્કિંગ અને નાણાકીય નીતિ | EC039, (મુદ્દો 4.3.1) | – |
| પ્રકરણ-2 વૃદ્ધિ અને વિકાસના નિર્દેશકો | EC044 (મુદ્દા નં. 2.4.4) | – |
| | EC045 | • અભ્યાસક્રમમાં નથી. |
| પ્રકરણ-11 ભારતીય અર્થતંત્રમાં નૂતન પ્રશ્નો | EC046, EC049, EC050 | – |
| | EC048 | • ધો. 11-12 અભ્યાસક્રમમાં નથી. |
| પ્રકરણ-9 વિદેશ વેપાર | EC052 (મુદ્દો 9.7.3) | – |
| પ્રકરણ-4 બેન્કિંગ અને નાણાંકીય નીતિ | EC056 (મુદ્દો 4.2.2.2)<br>(A મુદ્દો 5) | – |
| પ્રકરણ-9 વિદેશ વેપાર | EC057 (મુદ્દો 9.8) | – |

# ધોરણ 11/12 : અર્થશાસ્ત્ર

## અધ્યયન નિષ્પતિ

**પ્રસ્તાવના :**

વર્તમાનમાં ઉચ્ચતર માધ્યમિક સ્તરે અર્થશાસ્ત્રનાં બે પાઠ્યપુસ્તકોનો અભ્યાસ કરાવવામાં આવે છે. જેમાં ધોરણ-11 માટેના અર્થશાસ્ત્રમાં એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર જ્યારે ધોરણ-12 માટે આર્થિક વિકાસ, આર્થિક સમસ્યાઓ અને નીતિઓ ભણાવાય છે. આમ ઉચ્ચતર માધ્યમિક સ્તરે આર્થિક સિદ્ધાંતો તેમજ ભારતીય અર્થતંત્રની વાસ્તવિક સ્થિતિમાં તેના વ્યાવહારિક ઉપયોગને સંયુક્ત રીતે ભણાવવામાં આવે છે. સિદ્ધાંતોને વ્યવહારમાં મૂકતી વખતે વિશ્લેષણ માટે આકૃતિ અને આલેખ જેવી પ્રયુક્તિઓનો અભ્યાસ કરાવાય છે.

અલબત્ત આટલા વર્ષોમાં જુદા જુદા સંશોધકો પાસેથી જાણેલા અનુભવો, તાલીમ કાર્યક્રમો, ક્ષેત્ર મુલાકાતો તથા વિષયના મૂલ્યાંકનનાં વિશ્લેષણો સૂચવે છે કે આ બન્ને પુસ્તકો પોતપોતાની રીતે એકદમ ભિન્ન છે તથા તેમની વચ્ચે જોડાણ અંગે વિદ્યાર્થીઓ સ્પષ્ટ હોતા નથી કેમ કે બન્ને પાઠ્યપુસ્તકોમાં ભારતીય અર્થતંત્રના મુદ્દાઓની ચર્ચામાં આંકડાશાસ્ત્રની પ્રયુક્તિઓ અને પદ્ધતિઓને કોઈ ખાસ ઉલ્લેખ કરવામાં આવે છે.

ભારતીય અર્થતંત્ર અને વૈશ્વિક અર્થતંત્રના મુદ્દાઓને બે પુસ્તકોમાં એકબીજામાં એકીકૃત કરી લેવાયા છે. વિશ્લેષણ માટે જરૂરી આકૃતિ અને આલેખની રીતો એકબીજામાં એકીકૃત થઈ ગઈ છે. માળખામાં અમુક ફેરફારો કરવા પાછળનો ઉદ્દેશ એ છે કે, વિદ્યાર્થીઓ અર્થશાસ્ત્રનાં સિદ્ધાંતો અને તેના વ્યવહારિક અમલની પ્રસ્તુતતાને યથાયોગ્ય ઉદાહરણનો ઉપયોગ કરીને સારી રીતે સમજી શકે. પ્રસ્તાવિક માળખાથી વધારે સઘન પુસ્તક બનાવવામાં મદદ મળશે તો સામે વિદ્યાર્થીઓ ઉચ્ચતર માધ્યમિક સ્તરે વિશ્લેષણ માટે આવશ્યક કૌશલ્યો તથા પ્રયુક્તિઓનો અભ્યાસ ગુમાવ્યા વિના જ્ઞાન પ્રાપ્ત કરી શકશે.

# ધોરણ 11/12 : અર્થશાસ્ત્ર

## અધ્યયન નિષ્પતિ

**તાર્કિક :**

- ભારત તથા વિશ્વ સ્તરે છેલ્લા કેટલાક દાયકાઓમાં આર્થિક વાસ્તવિકતાઓમાં મહત્વપૂર્ણ ફેરફારો થયા છે.
- તાજેતરમાં નવા મુદ્દાઓ અને આ મુદ્દાઓને સમજવાની નવી પદ્ધતિઓ તથા નીતિઓના પ્રતિભાવો ઊભરી આવ્યા છે.
- અર્થશાસ્ત્રની અભ્યાસ શાખાઓના સ્તરે વિકસિત દેશો તથા ભારતીય અર્થતંત્ર એમ બન્નેમાં થયેલ વિકાસ બાબતે મનોમંથનની તીવ્ર ભાવના પેદા થઈ છે.
- આવી જ પુનઃ વિચારણા માધ્યમિક સ્તરે પણ અર્થશાસ્ત્રને જે રીતે ભણવા-ભણાવવામાં આવે છે તે માટે થવી જોઈએ.
- માધ્યમોના વિસ્ફોટક વ્યાપ પછી અર્થતંત્ર અને અર્થતંત્રની સમસ્યાઓ સંબંધિત વિમર્શ બૌદ્ધિકતાના એક નવા સ્તરે પહોંચ્યો છે.
- ખૂબ જ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે આજે શાળાના વિદ્યાર્થીઓ વર્તમાન વિમર્શને જાણી-સમજી શકે એવા સ્તરે પહોંચી ગયા છે.

**અભ્યાસક્રમની અપેક્ષાઓ :**

અર્થશાસ્ત્રના અભ્યાસક્રમમાંથી પસાર થયા પછી વિદ્યાર્થીઓ સક્ષમ બનશે કે તેઓ...

(ક) પોતાની જાતને દેશના જવાબદાર નાગરિક તરીકે વિકસિત કરશે.

(ખ) અર્થતંત્રના ખ્યાલો, પ્રક્રિયાઓ, પારિભાષિક શબ્દો વિગતોને સમજતા થશે.

(ગ) સુમાહિતગાર નિર્ણયો લેવા માટે અર્થશાસ્ત્રના જ્ઞાનનો ઉપયોગ કરશે.

(ઘ) વિવિધ સ્તરની આર્થિક પ્રવૃત્તિઓને વર્ણવી શકશે.

(ચ) અર્થતંત્ર કયા કયા વર્તમાન પડકારોનો સામનો કરી રહ્યું છે, તે સમજી શકશે.

(છ) સર્વસમાવેશકતાની ભાવના સાથે વિવિધતાને સન્માની શકશે.

(જ) તાર્કિકતા સાથે તર્કબદ્ધ દલીલો કરવાની, મૂંઝવણો દૂર કરીને સાર કાઢવો તથા અર્થતંત્રને લગતા વિચારો તથા નિર્ણયોની વાત કરવા, જેવાં કૌશલ્યો વિકસાવી શકશે.

(ઝ) અર્થતંત્રનો વિકાસ માટે આવશ્યક બાબતોની રૂપરેખા ઘડી શકશે. કઈ વ્યાવસાયિક શક્તિઓના અભ્યાસક્રમ તરફ જવું જોઈએ તે સમજી શકશે.

**સર્વસમાવેશક સુવિધા :**

દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે યોગ્ય વ્યવસ્થા અને સ્વરૂપોમાં સહાયક સામગ્રીનો ઉપયોગ કરવો, જેવા કે, સ્પર્શેન્દ્રી અને બ્રેઈલ, લેખિત સંવાદો સાથેના વિડિયોઝ તથા શિક્ષકો માટેના અન્ય સીધા જ ઉપયોગમાં લઈ શકાય એવી સાધન-સામગ્રીઓ.



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-9,10_Economics

# ધોરણ-11/12 : અર્થશાસ્ત્ર

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| વિદ્યાર્થીઓને વ્યક્તિગત રીતે કે સમૂહમાં તક આપી શકાય છે અને તેમને પ્રોત્સાહિત કરી શકાય છે કે તેઓ... | | **અર્થતંત્રના પાયાની તપાસ કરશે અને આર્થિક સમસ્યાઓ વિશે પૂછપરછ કરે છે.** |
| ● અર્થશાસ્ત્રની પાયાની બાબતોની તપાસ કરી શકાય એવા જુદા જુદા પ્રકારના પ્રશ્નોની રચના કરવી અને કરાવવી. દા.ત. સંસાધનોની વહેંચણી સંબંધિત આર્થિક નિર્ણયોના વિશ્લેષણમાં PPCનો ઉપયોગ કેવી રીતે થઈ શકે ? | EC001 | અર્થશાસ્ત્રનું સ્વરૂપ કાર્યક્ષેત્ર અને પદ્ધતિ સમજાવે છે તથા એકમલક્ષી (Micro) અને સમગ્રલક્ષી (Macro) અર્થશાસ્ત્ર વચ્ચેનો તફાવત સમજે છે. |
| | EC002 | અર્થતંત્રની ત્રિ-કેન્દ્રીય સમસ્યાઓની ચર્ચા કરે છે અને તે કેવી રીતે સંસાધનોની વહેંચણી નક્કી કરે છે, શેનું, કઈ રીતે તથા કોના માટે ઉત્પાદન કરવામાં આવે છે, તેની પણ ચર્ચા કરે છે. |
| | EC003 | આર્થિક ગતિવિધિને PPC (ઉત્પાદન ક્ષમતા રેખા) અને વૈકલ્પિક ખર્ચની સાથે રજૂ કરે છે તથા અર્થતંત્રના PPC નું ડાબે કે જમણે પરિવર્તન અને તેના રોકાણ, તકનિકી (ટૅક્નોલોજી)માં આવેલા ફેરફારો જેવાં કારણોનું વર્ણન કરી શકે છે. |
| | EC004 | ગ્રાહકો અને વૈકલ્પિક ઉત્પાદકો દ્વારા લેવાતા નિર્ણયોને વૈકલ્પિક ખર્ચ કઈ રીતે અસર કરે છે તેનું વિશ્લેષણ અને વર્ણન કરે છે. |
| ● વિદ્યાર્થીઓને અર્થશાસ્ત્રીય વિગતોને લગતા જુદા જુદા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્રોતો જેવા કે, આર્થિક સર્વે, રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા, ભારતીય અર્થતંત્રની આંકડાકીય પુસ્તિકા, રાષ્ટ્રીય કુટુંબ આરોગ્ય સર્વેનો અહેવાલ, સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ, માનવ વિકાસ અહેવાલ અને વિશ્વ બેંક - વિશ્વ વિકાસના નિર્દેશકો, આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનો અહેવાલ વગેરેથી પરિચય કરાવવો તથા આર્થિક સર્વેક્ષણના પરિશિષ્ટમાં ઉપલબ્ધ આંકડાકીય કોષ્ટકો ભારતીય અર્થતંત્રના જુદા જુદા મુદ્દાઓને સમજવામાં ખૂબ જ મદદરૂપ થાય. | EC005 | ભારતીય અર્થતંત્રને લગતા જુદા-જુદા મુદ્દાઓ અને ઘટનાઓની આંકડાકીય માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરે છે. |
| | EC006 | સ્વાતંત્ર્ય પછીના ભારતીય અર્થતંત્રના મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે ચર્ચા કરે છે. |
| | EC007 | પંચવર્ષીય યોજનાઓનું મૂલ્યાંકન અને આયોજનમાં નીતિ આયોગની ભૂમિકા વિશે સમજે. ગરીબી અને બેરોજગારી દૂર કરવા માટે જુદા જુદા ક્ષેત્રોમાં થતી નાણાંની ફાળવણી જેમ કે કૃષિ, ઉદ્યોગ, સેવા માટેની વિશિષ્ટ બાબતોનો અભ્યાસ કરે છે. |
| ● ટીવીમાં સામાચાર જોવા અને સમાચારપત્રો વાંચવા જેથી આર્થિક બાબતોને લગતા યોગ્ય નિર્ણયો લઈ શકાય કે આગાહી કરી શકાય તેવી માહિતી આપવી. | EC008 | ગરીબીનાં વિવિધ લક્ષણો અને ગરીબીના ખ્યાલોને લગતાં વિવિધ પરિણામો અને તેના અંદાજો કઈ રીતે લગાવાય છે, તે સમજે છે. |
| | EC009 | ભારત અને તેના પાડોશી દેશો વચ્ચેના સંબંધો કેવા છે, તેની તપાસ કરે છે. |
| | EC010 | ભારત અને તેના પાડોશી દેશોમાં બનતી સમગ્રલક્ષી આર્થિક ઘટનાઓનું વર્ણન કરે છે અને ભારતનું આર્થિક ભવિષ્ય કેવુ રહેશે તેની કલ્પના કરે છે. |

# ધોરણ-11/12 : અર્થશાસ્ત્ર

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| • આર્થિક સમસ્યાઓના વિશ્લેષણ માટે આર્થિક વિચારસરણીના વિવિધ ખ્યાલો (વિભાવનાઓ)નો ઉપયોગ કરે. | EC011 | આવક અને રોજગારી નક્કી કરવા માટેનાં પગલાઓને સમજાવે છે અને સૂચન કરે છે. |
| • સરકારના દસ્તાવેજો, આર્થિક સર્વે જેવા વિવિધ સ્રોતોમાંથી ભારતીય અર્થતંત્રની વિવિધ સમસ્યાઓને લગતી માહિતી એકત્રિત કરવી જે કોઈ ચોક્કસ મુદ્દાની સમજ મેળવવા માટે અગત્યની માહિતી પૂરી પાડવી. | EC012 | કુલ માંગ અને કુલ પુરવઠો, વપરાશવૃત્તિ અને બચતવૃત્તિ (સરેરાશ અને સીમાંત) તથા માંગના વધારા અને ઘટાડાને સુધારવાના પગલાઓની ચર્ચા કરે છે. |
| • સમાચારપત્રો અને સામયિકોમાં આવતા જુદા જુદા મુદ્દાઓને લગતા લેખોના કટિંગ વર્ગખંડમાં પ્રદર્શિત કરવાં. | EC013 | વેતન નિર્ધારણ, માંગ અને પુરવઠાની અસર, ભાવતાલ કરવાની શક્તિ અને સરકારની નીતિઓની ચર્ચા કરવી, જેમાં લઘુતમ વેતન નિર્ધારણ. રોજગારીને લગતી પાયાની બાબતો જેવી કે આર્થિક પ્રવૃત્તિ, કામદાર, કાર્યબળ, રોજગારી અને પ્રચ્છન્ન તથા મોસમી બેરોજગારી વચ્ચેનો તફાવત સમજે છે. |
| | EC014 | આર્થિક વૃદ્ધિ, પૂર્ણ રોજગારી કે ન્યૂનતમ બેરોજગારી, સ્થિર કિંમતો કે ફુગાવાનો નીચો દર, લેણ-દેણની તુલાની સમતુલા. આવકની પુનઃ વહેંચણી વગેરેમાં સરકારની ભૂમિકા સમજે છે. |
| • ભારતીય અર્થતંત્રને ધ્યાનમાં રાખીને માંગ અને પુરવઠાની આકૃતિ આલેખનું અર્થઘટન કરવું અને સમજાવવું. | EC015 | ગ્રાહકોના સંતોષ સંબંધિત નિર્ણય લેવાની અને સમસ્યાના ઉકેલ માટેની કુશળતા પ્રાપ્ત કરે છે તથા માંગ અને પુરવઠાના સિદ્ધાંતનું વિશ્લેષણ કરે છે. |
| • યોગ્ય પરિભાષાની મદદથી સમજાવવું ઉદાહરણ તરીકે માંગમાં વિસ્તરણ અને સંકોચન. | EC016 | તટસ્થ રેખાની મદદથી ગ્રાહકની સમતુલાની ચર્ચા કરે છે. |
| | EC017 | માંગ રેખા, પુરવઠા રેખાની આકૃતિ દોરશે તથા માંગ અને પુરવઠાના વિસ્તરણ સંકોચનમાં તેનો ઉપયોગ કેવી રીતે થાય છે તે સમજે છે. |
| | EC018 | માંગ અને પુરવઠાની સાપેક્ષતા સમજે છે. |
| • આર્થિક વિચારસરણીને પ્રોત્સાહન આપવા અને બજાર પદ્ધતિના ફાયદા અને ગેરફાયદા સમજાવવા માટે કોષ્ટકો, આકૃતિઓ અને ચાર્ટોનો ઉપયોગ કરવો. | EC019 | બજારની સમતુલાને સંબંધિત પ્રશ્નો અંગેની તપાસ કરે છે. |
| • અર્થશાસ્ત્રમાં સ્થિરતા ટકાવી રાખવામાં સરકારની ભૂમિકાને સમજવા માટે સરકાર દ્વારા પ્રકાશિત કરવામાં આવતા અહેવાલો અને આંકડાકીય માહિતીનો ઉપયોગ કરવો. | EC020 | બજાર આધારિત આર્થિક વ્યવસ્થાના ફાયદા અને ગેરફાયદાઓની ચર્ચા કરે છે તથા જાહેર વસ્તુઓ, ગુણવત્તા અને ગુણવત્તા વગરની વસ્તુઓના સંદર્ભમાં બજારની નિષ્ફળતા સમજાવે છે. |
| | EC021 | બજારની સમતુલાને સમજાવે છે. માંગ અને પુરવઠાની અનુસૂચિ અને આકૃતિ દોરી તેનું |

# ધોરણ-11/12 : અર્થશાસ્ત્ર

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| | | અર્થઘટન કરે છે તથા રેખાઓ (વક્રો)ની મદદથી કિંમતોમાં થતા ફેરફારો, અછત (પુરવઠા કરતા માંગ વધુ) અને છત (પુરવઠા કરતા માંગ ઓછી)ને સમજે છે. |
| | EC022 | બજાર આધારિત માળખાની મર્યાદાઓને દૂર કરવામાં સરકારની ભૂમિકા જણાવે છે. |
| | EC023 | જાહેર વસ્તુઓ, ગુણવત્તા અને ગુણવત્તા વગરની વસ્તુઓ, સામાજિક, બાહ્ય અને ખાનગી ફાયદાઓ, સામાજિક બાહ્ય અને ખાનગી ખર્ચના સંદર્ભમાં બજારની નિષ્ફળતા સમજે છે. |
| | EC024 | બજાર વ્યવસ્થાની ખામીઓ દૂર કરવામાં સરકારનો હસ્તક્ષેપ કેટલો અસરકારક નીવડે છે, તેની ચર્ચા કરે છે. |
| • ₹1, ₹ 10, ₹100, ₹500ની ચલણી નોટો પર કયા અધિકારીની સહી છે તે શોધવી. | EC025 | નાણું, નાણાના પ્રકારો તથા બેંકના કાર્યો અંગે પૂછપરછ કરે છે. |
| • લિફલેટ્સ (પત્રિકા) બ્રોશર (માહિતી પુસ્તિકા) અને અહેવાલો મેળવીને મધ્યસ્થ બેંક અને વેપારી બેંકોની ભૂમિકા તેમજ તેમના કાર્યોને સમજવાનો પ્રયત્ન કરો. જુદી જુદી નાણાંકીય સંસ્થાઓ દ્વારા અપાતી સેવાઓને સમજવા માટે કોષ્ટક તૈયાર કરવાં. | EC026 | નાણાંના સ્વરૂપો, કાર્યો તથા લક્ષણો વર્ણવી શકે છે. |
| | EC027 | મધ્યસ્થ બેંક અને વેપારી બેંકોની સરકાર, ગ્રાહકો તેમજ ઉત્પાદકો માટેની ભૂમિકા અને મહત્ત્વની ચર્ચા કરે છે. |
| • ઉત્પાદન, ખર્ચ અને આવકના સંદર્ભે કુલ, સરેરાશ અને સીમાંતની આકૃતિ દોરો અને તેનું અર્થઘટન કરો. શાળામાં બ્લેકબોર્ડ, મેદાન પર કે દિવાલ પર પણ આવી આકૃતિ દોરવી. | EC028 | પેઢીના ખર્ચ અને આવકનાં લક્ષ્યાંકો, કુલ, સરેરાશ અને સીમાંતના આધારે સમજાવી શકે છે. |
| | EC029 | કુલ ખર્ચ (TC) સરેરાશ કુલ ખર્ચ (ATC) સ્થિર ખર્ચ (FC), અસ્થિર ખર્ચ (VC), સરેરાશ સ્થિર ખર્ચ (AFC), સરેરાશ અસ્થિર ખર્ચ (AVC) તથા સીમાંત ખર્ચ (MC) નો ખ્યાલ સમજે છે. |
| | EC030 | કુલ આવક (TR) , સરેરાશ આવક (AR) અને સીમાંત આવક (MR) સમજાવી શકે છે. |
| • જુદા જુદા પ્રકારના બજારોની વિશેષતા, બજારોના ફાયદા, ગેરફાયદા દર્શાવતું એક કોષ્ટક બનાવવું. દેશના અર્થતંત્રમાં કાર્યદક્ષતા સુનિશ્ચિત કરવા માટે કેવા પ્રકારના બજારને પ્રોત્સાહન આપવું જોઈએ તે અંગે ચર્ચા કરવી. | EC031 | ગ્રાહકનો અધિક સંતોષ અને ઉત્પાદકોનો નફા માટેના બજારના પ્રકારોનું મૂલ્યાંકન કરે છે. |
| | EC032 | સ્પર્ધાત્મક બજારોની સમજૂતી આપશે અને મોટી સંખ્યામાં પેઢીઓની કિંમત, જથ્થો, પસંદગી અને નફા પર પડતી અસરો બતાવવા આકૃતિ દોરે છે. |

# ધોરણ-11/12 : અર્થશાસ્ત્ર

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| | EC033 | ઈજારાવાળા બજારનાં લક્ષણો, ફાયદાઓ અને ગેરફાયદાઓ સમજે છે. |
| | EC034 | અલ્પહસ્તક ઈજારાની વિશેષતાઓ (લક્ષણો) શોધી કાઢે છે. |
| ● આર્થિક સર્વે, નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન અને અન્ય અધિકૃત દસ્તાવેજોના અહેવાલ ચર્ચા કરવી. રેડિયો કે ટેલિવિઝન પરથી પસાર સમાચાર સાંભળીને કે જોઈને સરકારની રાજકોષીય નીતિને સમજાવવી. | EC035 | સરકારની ભૂમિકાને ઉજાગર કરીને આર્થિક નિર્ણય પર ભાર મૂકે છે. |
| | EC036 | અંદાજપત્ર અને સરકાર મુખ્ય કયાં ક્ષેત્રોમાં નાણાની ફાળવણી કરે છે અને તેની કેવી અસર થાય છે તે સમજાવે છે. |
| | EC037 | અંદાજપત્રીય પ્રક્રિયા તથા જુદા જુદા પ્રકારના કરવેરા દ્વારા સરકારની અર્થતંત્રમાં કેવી ભૂમિકા હોય છે ? ચર્ચા કરે છે. |
| | EC038 | કરવેરા અને ખર્ચમાં ફેરફાર કરીને લેવાતા રાજકોષીય નીતિનાં પગલાની ચર્ચા કરે છે. જેના આધારે અંદાજપત્ર સમતોલ છે કે નહિ તેનો ખ્યાલ આવે છે તેમજ અંદાજપત્ર ખાદ્યવાળું છે કે પુરાંતવાળું તેનો અંદાજ આવે છે. |
| | EC039 | વ્યાજદર, નાણાં પુરવઠા અને વિદેશી ચલણના દરમાં ફેરફારો જેવા નાણાંકીય નીતિના પગલાંની ચર્ચા કરે છે. |
| ● જુદા જુદા દેશોની કુલ આંતરિક પેદાશ (GDP), માનવ વિકાસ આંક (HDI), જાતિય સમયોજન આંક (GDI)ની વિગતો કોષ્ટકમાં દર્શાવીને તેની તુલના કરો. આ તુલનાને આધારે એક વ્યવસ્થિત નોંધ તૈયાર કરાવવા અને વર્ગખંડમાં તેનું વાંચન કરવું. | EC040 | આર્થિક માહિતી તથા રાષ્ટ્રીય આવક, માનવ વિકાસ આંક અને ટકાઉ વિકાસ સંબંધિત વિચારોની જાણકારી આપે છે. |
| | EC041 | આર્થિક વૃદ્ધિને માપવા માટે કુલ આંતરિક પેદાશ (GDP) ની સમજૂતી આપે છે. |
| | EC042 | રાષ્ટ્રીય આવકના માપનની ત્રણ પદ્ધતિઓની ચર્ચા કરે છે. |
| | EC043 | વિકાસના નિર્દેશક તરીકે કુલ આંતરિક પેદાશ (GDP)ની મર્યાદાઓનું વર્ણન કરે છે. |
| | EC044 | વિકાસના વૈકલ્પિક નિર્દેશકોને તપાસે છે અને માનવ વિકાસ આંકનો કેસ સ્ટડી તરીકે ઉપયોગ કરે છે. |
| | EC045 | ટકાઉ વિકાસ માટે ભારતે અપનાવેલી વ્યૂહ રચનાઓની ચર્ચા કરે છે. |

# ધોરણ-11/12 : અર્થશાસ્ત્ર

| સૂચિત શિક્ષણશાસ્ત્રીય પ્રક્રિયા | ક્રમ | અધ્યયન નિષ્પત્તિ (Learning Outcomes) |
|---|---|---|
| • ભારતીય અર્થતંત્રના મુખ્ય ત્રણ ક્ષેત્રોને લગતા નીતિ વિષયક દસ્તાવેજો કે રજૂ કરાયેલા અહેવાલોનું વાંચન કરો. રોજગારી વધારવા, ફુગાવો ઘટાડવા, વૃદ્ધિદરની સ્થિરતા જાળવવા, લૈંગિક સમાનતા માટે તથા સામાજિક અને આર્થિક આંતર માળખાકીય સુવિધાઓને સુદૃઢ બનાવવા માટેનાં પગલાં સૂચવવાં. | EC046 | ભારતીય અર્થતંત્ર કયા પડકારોનો સામનો કરી રહ્યું છે તેની આગાહી અને મૂલ્યાંકન કરે છે. |
| | EC047 | રોજગારી, ભારતના પ્રાથમિક અને સંગઠિત ક્ષેત્રના સંદર્ભમાં રોજગારી, શ્રમશક્તિનું સ્ત્રીકરણ, શ્રમિકનું સ્થળાંતર અને જાહેરક્ષેત્રની પડતીને સમજે છે. |
| | EC048 | જુદા જુદા સૂચકાંકને આધારે ફુગાવાનું માપન કરે છે. |
| | EC049 | ભારતીય અર્થતંત્રના મહત્ત્વના કહી શકાય તેવા કેટલાક આર્થિક પડકારોનો સામનો કરી રહ્યું છે તેનું વર્ણન આંકડાકીય પુરાવાને આધારે કરે છે. |
| | EC050 | ઊર્જા અને આરોગ્યના સંદર્ભે આંતરમાળખાની સ્થિતિની ચર્ચા કરે છે. |
| | EC051 | ઉદારીકરણ, વૈશ્વિકીકરણ અને ખાનગીકરણની જરૂરિયાત તથા તેની મુખ્ય વિશેષતાની ચર્ચા કરે છે. |
| • વિદેશ વેપારમાં ભારતના વલણને સમજવા માટે ચર્ચા, પરિસંવાદ કે વકતવ્ય યોજીને સામસામી દલીલો રજૂ કરી શકાય તેવું આયોજન કરવું. | EC052 | અન્ય દેશો સાથેના વેપારમાં આવેલા ફેરફારોના કારણો અને પરિણામોનું વિશ્લેષણ કરે છે. |
| | EC053 | બહુરાષ્ટ્રીય કંપનીઓની ભૂમિકા અને તેમની યજમાન દેશો તથા પોતાના દેશોને થતા ખર્ચ અને ફાયદાઓ તથા અર્થતંત્રની આર્થિક ગતિવિધિઓના નિયમનમાં સરકારની ભૂમિકા અંગે ચર્ચા કરે છે. |
| | EC054 | મુક્ત વેપારને લીધે જુદા જુદા દેશોમાં ગ્રાહકો, ઉત્પાદકો અને અર્થતંત્રને થતા ફાયદાઓની ચર્ચા કરે છે. |
| | EC055 | ફલોટિંગ (બદલાતી) અને ફિક્સ્ડ (નિશ્ચિત) પ્રણાલી (સિસ્ટમ) વચ્ચેનો તફાવત સમજે છે. |
| | EC056 | વિદેશી હુંડિયામણ બજારમાં ચલણની માંગ અને પુરવઠાનું વિશ્લેષણ કરે છે. |
| | EC057 | ભારતના સંદર્ભમાં લેણદેણની તુલા સાથે સંકળાયેલ કેટલીક મહત્ત્વપૂર્ણ શરતો અને ખ્યાલોનો અર્થ સ્પષ્ટ કરે છે અને સમજે છે. |



DTP-PC-1:\GSEB\2022\Adhyan_Nispati\Std-9,10_Economics